## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




પ્રભુ... આજે ઝાલર વગાડાશે નહીં... ઝાલરવાળો તમારું જલદી મંદિર બનાવવા માટેની રેલીમાં ગયો છે...!!

# સમર્પણ ગ્રાઉન્ડમાં સ્નેહમિલન કાર્યક્રમમાં ગઠીયાઓનો હાથફેરો

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરમાં હાલમાં ગઠીયાઓ સક્રિય થઈ ગયા છે. શહેરમાં જાહેર સ્થળોએ યોજાતા ભીડભાડવાળા કાર્યક્રમોમાં જઈ ખીસ્સા કાપી રહ્યા છે. ત્યારે ગઈકાલે ગાંધીનગરના સે-૮ સમર્પણ ગ્રાઉન્ડ ખાતે શંકરસિંહ વાઘેલાનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સમગ્ર ગુજરાતના જિલ્લામાંથી તેમના ટેકેદારો શુભેચ્છા આપવા માટે આવી પહોંચ્યા હતા. જો કે આટલી મોટીસંખ્યામાં ટેકેદારોની વચ્ચે ખીસ્સા કાતરુઓ પણ બાપુના સ્નેહમિલનમાં પહોંચી ગયા હતા. ત્યારે વડોદરા ખાતે બિલીપત્ર કોમ્પ્લક્ષમાં રહેતા હરેશ વાકુમલ ધરમાણી પણ આ કાર્યક્રમમાં આવ્યા હતા.

જયાં તેમણે તેમના મિત્ર મહેશભાઈ પાસેથી રૂ.૪૫ હજાર લીધા હતા અને બપોરે સાડાત્રણ વાગ્યાની આસપાસ તે તેમના મિત્ર સાથે બાપુને શુભેચ્છા આપવા માટે સ્ટેજ ઉપર ગયા હતા. તે દરમિયાન ભીડભાડનો લાભ લઈ કોઈ ગઠીયાએ તેમના ખિસ્સામાંથી રૂ.૪૫ હજાર સિફતાઈપૂર્વક સેરવી લીધા હતા.તો હરેશભાઈએ સ્ટેજ ઉપરથી ઉતરીને જોતા રૂપીયા જોવા નહીં મળતા ફાળ પડી હતી અને આ અંગે તેમને સે-૭ પોલીસ સ્ટેશનમાં ચોરીની ફરિયાદ નોંધાવી હતી. એટલું જ નહી આ સ્થળેથી અન્ય ચાર થી પાંચ વ્યકિતના ખિસ્સા પણ કપાયા હોવાનું જાણવા મળ્યું હતું. જો કે આ વ્યકિતઓએ પોલીસ ફરિયાદ આપી નથી, ત્યારે હરેશભાઈની ફરિયાદને આધારે પોલીસે આ ગઠીયાઓને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# મંગળવારે જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘની કારોબારી બેઠક

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘની કારોબારી સભા તા. ૨૭મી નવેમ્બરના મંગળવારના રોજ ૧૧ કલાકે સેક્ટર-૧૧માં સહયોગ સંકુલ ખાતેના કાર્યાલયમાં યોજાશે. આ બેઠકમાં આગામી તા. ૧૦મી જાન્યુઆરી તથા તા. ૧૧મી જાન્યુઆરીએ દહેગામના પાટનાકુવા ખાતેના નવજીવન વિદ્યાલય ખાતે જિલ્લારેલીના આયોજન બાબત તથા રાષ્ટ્રપતિ એવોર્ડ માટેના સ્કાઉટ ગાઈડની પૂર્વ તૈયારી કેમ્પના આયોજન અંગે ચર્ચા વિચારણા હાથ ધરાશે જેથી આ બેઠકમાં તમામ હોદેદારોને, કારોબારી સભ્યોને ઉપસ્થિત રહેવા સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે.

# ગાંધીનગરમાં મિશ્ર ઋતુનો અનુભવ

## દિવસે તડકો અને રાત્રે ઠંડકનો અનુભવ થતા વસાહતીઓ શરદી-ખાંસી, વાયરલ ફીવરથી પરેશાન

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરમાં છેલ્લા કેટલાક દિવસોથી મીશ્ર ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. લઘુત્તમ તાપમાન અને મહત્તમ તાપમાનમાં વીસ ડીગ્રી જેટલો તફાવત રહેતા વસાહતીઓ શરદી-ખાંસી અને વાઈરલ ફીવરના કારણે પરેશાની ભોગવી રહ્યા છે.

નવેમ્બર માસના અંતે રાત્રી દરમ્યાન ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. સાથે સાથે દિવસ દરમ્યાન તડકો આકરો બનતા મીશ્ર ઋતુ અનુભવાઈ રહી છે. દિવસ અને રાત્રીના તાપમાનમાં ૨૦ ડિગ્રી જેટલો તફાવત રહ્યો છે. હજુ દિવસે આકરો તડકો પડે છે. સતત તડકામાં બહાર રહેતા ગરમીનો અનુભવ પણ થાય છે. જોકે સૂર્યાસ્ત બાદ વાતાવરણમાં એકાએક જ પલ્ટો આવી જાય છે. વાતાવરમમાં પલ્ટો આવતા ઠંડીનો અનુભવ થાય છે. રાત્રી આગળ વધતા ઠંડીની તીવ્રતા વધતી જાય છે. ગઈકાલે રાત્રે લઘુત્તમ તાપમાન ૧૪ ડિગ્રી જેટલુ નીચુ નોંધાતા વસાહતીઓને ઠંડીનો અનુભવ થાય છે. અને ગરમ વસ્ત્રો પહેરવાની ફરજ પડે છે. છેક વહેલી સવાર સુધી ઠંડી અનુભવાય છે. સૂર્યોદય બાદ જ વાતાવરણ હુંફાળુ બને છે. સતત ગરમી અને ઠંડી એમ બેવડી ઋતુનો અનુભવ થતાં શરદી-ખાંસી અને વાયરલ ફીવરના દર્દીઓમાં વધારો થયો છે. સાથે સાથે મચ્છરજન્ય રોગચાળો પણ વકર્યો છે. દવાખાનાઓમાં દર્દીઓની લાંબી કતારો જોવા મળે છે.

# ભુસા ભરેલા કંતાનના કોથળાની ઓથમાં લાખો રૂપીયાનો વિદેશી દારુ ઝડપાયો

## મહુન્દ્રા પાટીયા પાસે ટ્રકમાંથી ૫૪૩૬ નંગ બોટલ, ટ્રક, મોબાઈલ, સહિત કુલ રૂ. ૩૦,૦૧,૩૦૦ નો મુદ્દામાલ એલસીબી પોલીસે ઝડપી પાડ્યો

ગાંધીનગર, તા.૨૫

ભુસા ભરેલા કંતાનના કોથળાની ઓથમાં લાખો રૂપીયાના વિદેશી દારુની હેરાફેરી ગાંધીનગર એલસીબી પોલીસની ટીમના સભ્યો પીએસઆઈ એચ.કે.સોલંકી, વી.એમ.ઝાલા, એએસઆઈ પૂનમભાઈ છપ્પનભાઈ, અશોકકુમાર



અંબાલાલ, અ.હે.કો. મહેન્દ્રસિંહ વિષ્ણુસિંહ, હે.કો. સુરેશકુમાર ચાજુરામ, દિલીપસિંહ બળદેવજી, મહિપાલસિંહ પ્રવિણસિંહ, પો.કો.જીતેન્દ્રસિંહ, સુરેન્દ્રસિંહ, ભવાનસિંહ, જીગ્નેશકુમાર, નરેશકુમાર સહિતના સભ્યો આજરોજ ચિલોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સઘન પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન અ.હે.કો મહેન્દ્રસિંહ વિષ્ણુસિંહને બાતમી મળી હતી કે એક હરીયાણા પાર્સિંગનો ટ્રક વિદેશી દારુ ભરી નેશનલ હાઈ-વે નં.૮ ઉપર હિંમતનગર થી મોટા ચિલોડા થઈ પસાર થવાનો છે. જે બાતમીને પગલે તમામ અધિકારી-કર્મચારીઓ હિંમતનગર-ચિલોડા હાઈ વે પર અલગ અલગ સ્થળે વોચમાં ગોઠવાઈ ગયા હતા. તે દરમિયાન ટ્રકને મહુન્દ્રા પાટીયા પાસે આવેલી હરીયાણા હોટલ પાસેથી પકડી પાડી હતી. પોલીસે ટ્રકમાં તપાસ કરતા ભુસા ભરેલા કંતાનના કોથળાની ઓથમાં વિદેશી દારુની બોટલ નંગ-૫૪૩૬ કિ.રૂ. ૧૭,૯૮,૮૦૦, સાથે દિપક નામના શખ્સને ઝડપી પાડ્યો છે. હરીયાણાના કુરુક્ષેત્ર જિલ્લાના થાનેસર તાલુકાના પલવલ ગામનો દિપક હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે ટ્રક, મોબાઈલ તેમજ દારુ મળીને કુલ રૂ. ૩૦, ૦૧,૩૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી મોટાપાયે થતી દારુની હેરાફેરી પકડી પાડી છે.

ગાંધીનગર એલસીબી પોલીસે પકડી પાડી છે. રાત્રીના સમયે મહુન્દ્રા પાટીયા પાસેથી કંતાનના કોથળા ભરેલી ટ્રકમાંથી પોલીસે વિદેશી દારુની બોટલ નંગ-૫૪૩૬ કિ.રૂ. ૧૭,૯૮,૮૦૦ તેમજ ટ્રક અને મોબાઈલ ફોન મળીને કુલ રૂ. ૩૦,૦૧,૩૦૦ ના મુદામાલ કબ્જે કરી એક શખ્સને ઝડપી પાડી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# કોલવડામાંથી શકુનીઓ ઝડપાયા

ગાંધીનગર શહેરને અડીને આવેલા કોલવડા ગામના પગીવાસમાં ખુલ્લી જગ્યામાં જુગાર રમતા હોવાની બાતમી સર્વેલન્સ સ્કોડના અ.હે.કો. વિષ્ણુભાઈ માલજીભાઈને મળી હતી. તેઓ પેથાપુર વિસ્તારમાં સઘન પેટ્રોલીંગમાં હતા તે સમયે તેઓને બાતમી મળી હતી. જેને પગલે તેઓએ બાતમીવાળી જગ્યાએ રેઈડ કરતા છનાજી જવાનજી ઠાકોર, શંભુજી મણાજી ઠાકોર, લક્ષ્મણજી પુંજાજી ઠાકોર ત્રણેય રહે. કોલવડા ગામ ને કુલ રૂ. રૂ. ૪૦૭૦ તેમજ જુગાર રમવાના સાહિત્ય સાથે પકડી પાડી પેથાપુર પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.





**પૂ. સુનીલસાગરજીની અહિંસા પદયાત્રાનો પ્રારંભ**

ગાંધીનગરમાં ચાતુર્માસ રોકાણ કર્યા બાદ સુપ્રસિદ્ધ જૈનમુનિ આચાર્ય સુનીલસાગરજી મહારાજે ગાંધીનગરથી ગિરનારની અહિંસા પદયાત્રા આરંભી છે. આ પદયાત્રાનો કોબા જૈન તિર્થથી પ્રારંભ કર્યા બાદ સાબરમતી પહોંચતા મોટી સંખ્યામાં જૈન શ્રદ્ધાળુઓ આચાર્યના દર્શનાર્થે ઉમટી પડ્યાં હતા.



ગાંધીનગરની ફુડ એન્ડ ડ્રગ્સ કન્ઝ્યુમર વેલ્ફેર કમિટી દ્વારા સ્નેહમિલન કાર્યક્રમ સ્વર્ણિમ પાર્ક ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં એડવોકેટ અશ્વિન ત્રિવેદીએ માર્ગદર્શન આપ્યું હતું.

# એલડીઆરપી ખાતે 'માનવીય ઉત્કૃષ્ટતા' વિષયે સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૨૫

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર, ગાંધીનગર દ્વારા વીપીએમપી પોલીટેકનીક (એલડીઆરપી), સેક્ટર-૧૫ ખાતે 'માનવીય ઉત્કૃષ્ટતા' વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

આ સેમિનારમાં દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલય હરિદ્વારના પ્રતિ કુલપતિ ડૉ. ચિન્મય પંડ્યાજી દ્વારા ઉદ્‌બોધન કરવામાં આવ્યુ હતુ. આ સેમિનારમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયના ડીરેક્ટર ડૉ. ગાર્ગી રાજપરા અને દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલય હરિદ્વારના પ્રતિ કુલપતિ ડૉ. ચિન્મય પંડ્યાજી દ્વારા બન્ને વિશ્વ વિદ્યાલયો વચ્ચે શિક્ષણ ક્ષેત્રે આદાન-પ્રદાન અંગે એમ.ઓ.યુ. કરવામાં આવ્યા. જેમાં લાભ બંને વિશ્વ વિદ્યાલયોના વિવિધ વિદ્યાશાખાઓના વિદ્યાર્થીઓને પ્રાપ્ત થઈ શકશે.

પ્રસ્તુત સેમિનારમાં ૭૦૦ કરતાં વધુ સંખ્યામાં ઉપસ્થિત વિદ્યાર્થીઓ, ફેકલ્ટીઓ, ગાયત્રી પરિવારના પરિજનોને સંબોધિત કરતાં ડૉ. ચિન્મય પંડ્યાજીએ તેજ ગતિથી વધી રહેલ અર્વાચીન ટેકનોલોજીની સાથે સાથે ઉત્કૃષ્ઠ જીવન મૂલ્યોને જાળવી રાખવા અનુરોધ કર્યો હતો. પ્રસ્તુત સેમિનારમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયના નિયામક ડૉ. ગાર્ગી રાજપરા, રજીસ્ટ્રાર એસ.કે. મંત્રાલા અને વી.પી.એમ.સી. પોલીટેકનીકના આચાર્ય ડૉ. આનંદ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# કોલવડા ગામેથી વરલી મટકાનો જુગાર ઝડપાયો

ગાંધીનગર, તા.૨૫

આજરોજ પેથાપુર પોલીસ મથકના પીએસઆઈ એ.જી.એનુરકાર તેમજ સ્ટાફના કર્મચારીઓ પેથાપુર પોલીસ મથકના વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહ્યા હતા. તે સમય દરમિયાન પીએસઆઈને બાતમી મળી હતી કે કોલવડા ગામે અશોકજી કેશાજી ઠાકોર વરલી-મટકાનો આંક ફેરનો જુગાર રમાડે છે. જેથી પોલીસે બાતમીવાળી જગ્યાએ રેઈડ કરતા અશોકજી કેશાજી ઠાકોર વરલી મટકાના સાહિત્ય - સાધનો તેમજ રોકડ રૂ. ૧૦,૧૪૦ કાગળની ચિઠ્ઠી, પેન રૂ. ૨૦૦, નોકીયા કંપનીનો ફોન રૂ. ૫૦૦, કેલ્ક્યુલેટર કિ.રૂ.૫૦ સહિત કુલ રૂ. ૧૦,૬૯૦ ના મુદામાલ સાથે પકડી પાડી પેથાપુર પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કોંગ્રેસનો ગઢ ગણાતી જસદણની બેઠક ભાજપ જીતે તો CMને જશ, નહી તો કોંગ્રેસને લોકસભાનું ટોનિક

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીના વિસ્તાર રાજકોટની જસદણ બેઠક એવી છે કે જ્યાં કોંગ્રેસના ઉમેદવાર જીતે છે. ભાજપના મોદી વેવમાં પણ જસદણ કોંગ્રેસે જાળવી રાખી હતી. આ બેઠકની પેટાચૂંટણી ૨૦મી ડિસેમ્બરે થવાની છે અને તેનું પરિણામ ૨૩મીએ આવવાનું છે ત્યારે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે આ પેટા ચૂંટણીમાં કાંટે કી ટક્કર છે. આ બેઠકમાં ૨.૪૦ લાખ મતદારો છે જે પૈકી ૮૦ હજાર મતદારો કોળી છે. ૬૦ હજાર પાટીદાર મતદારો છે જેમાં ૫૦ હજાર લેઉઆ પાટીદાર છે. ૧૫ હજાર એસટી-એસસી જાતિના છે. ૧૧ હજાર મુસ્લિમ છે તો ૪૫ હજાર સવર્ણો છે એટલે કે ઓબીસી મતદારો આ બેઠક પર નિર્ણાયક છે. કુંવરજી બાવળિયાના પક્ષપલટાના કારણે કોંગ્રેસના કાર્યકરો અને મતદારોમાં રોષ છે જેનો સામનો ભાજપે કરવાનો છે. કુંવરજી બાવળિયા એ કોંગ્રેસના ધારાસભ્ય હતા પરંતુ ભાજપમાં જવાના કારણે રાજીનામું આપતાં આ બેઠક ખાલી પડી હતી. તેઓ રૂપાણી સરકારમાં કેબિનેટ મંત્રી છે. ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીમાં કુંવરજી બાવળિયા ૯૨૧૭ મતે જીત્યા હતા. ૨૦૧૨માં કોંગ્રેસના ભોળાભાઈ પટેલનો વિજય થયો હતો. આ બેઠક પરથી કોંગ્રેસ છેલ્લી ચાર ચૂંટણી જીતી છે તેમાં જીતનું માર્જીન ૧૦ હજાર મતોની રહ્યું છે. મોદીના વેવમાં કોંગ્રેસ પાસે આ બેઠક ૨૦૦૨થી છે પરંતુ ૨૦૦૯ની પેટા ચૂંટણીમાં ભાજપના ભરત બોઘરા આ ચૂંટણી જીતી ગયા હતા. આ પેટા ચૂંટણીમાં કુંવરજી

**ભાજપ માટે લોકસભાની ૧૦ બેઠકોમાં કોઇ સ્પર્ધા નથી, ૧૩માં કોંગ્રેસ મજબૂત, ૩ બેઠકોમાં ફાઇટ**

તો ઠીક પણ ખુદ મુખ્યમંત્રી વિજય રૂપાણીની કસોટી થવાની છે. પક્ષપલટાની ઘેરી અસર હશે તો આ બેઠક કોંગ્રેસ જીતી લોકસભાનું ટોનિક મેળવી શકે છે પરંતુ તેના માટે કોંગ્રેસે સંગઠીત થવાની જરૂર છે, કેમ કે કોંગ્રેસ ચૂંટણીના સમયે હંમેશા જૂથવાદ અને બળવાખોરીનો ભોગ બનતી આવી છે.

**હાલની સ્થિતિમાં મોરારજીનું શાસન યાદ આવે છે...**

દિલ્હીમાં બેસીને ગુજરાતનું કામ કરનારા રાજકીય નેતાઓની પ્રથમ હરોળમાં મોરારજી દેસાઈનું નામ આવે છે. કારણ કે રસ્તે ચાલતો સામાજીક કાર્યકર અને સુધારાવાદી વ્યક્તિ દેશની સુપ્રિમ પોસ્ટ ઉપર પહોંચી ચૂક્યો હતો. મોરારજી દેસાઇ ગાંધીજીના રસ્તે ચાલીને મહાત્મા ગાંધી દ્વારા સ્થાપવામાં આવેલી ગુજરાત વિદ્યાપીઠના તેઓ કુલપતિ હતા. તેમના વડાપ્રધાનના કાર્યકાળ દરમ્યાન પણ તેઓ વિદ્યાપીઠની મુલાકાત લેતા હતા અને ઓક્ટોબર મહિનામાં તેમાં જ નિવાસ કરતા હતા. મોરારજી દેસાઈનું જીવન અત્યંત સાદાઈપૂર્ણ હતું. લોકોને જાતે જ પોસ્ટકાર્ડ લખતા હતા. મોરારજી દેસાઈએ તેમના કાર્યકાળ (૧૯૭૭-૭૯) માં જાહેર વિતરણ વ્યવસ્થા બંધ કરી હતી. જે ખાંડ રેશનીંગની દુકાનમાં વેચાતી હતી તેના કરતાં પણ સસ્તી ખાંડ બજારમાં ઉપલબ્ધ કરાવતાં આ દુકાનોને તાળા મારવાનો સમય આવ્યો હતો. આ એક સમય હતો જ્યારે લોકો સુખી હતા. મોરારજી એ સ્થિતિને જોવા તત્પર હતા કે ભારતના લોકો એટલા ભયમુક્ત હોવા જોઇએ કે દેશની સર્વોચ્ચ વ્યક્તિ પણ ભૂલ કરે તો નબળામાં નબળો વ્યક્તિ પણ એ દિશામાં અંગૂલીનિર્દેશ કરવા સક્ષમ હોવો જોઈએ. તેઓ વારંવાર કહેતા કે 'દેશના પ્રધાનમંત્રી પણ દેશના કાયદાથી પર ના હોવો જોઈએ.' તેમના માટે સત્ય જ શ્રેષ્ઠ રહ્યું છે. તેમણે પોતાના સિદ્ધાંતોને કદી પરિસ્થિતિને વશ થવા દીધા ન હતા. અત્યંત વિકટ સંજોગોમાં પણ તેઓ પોતાના સિદ્ધાંતોને વળગી રહ્યા હતા. તેઓ પોતે જ કહેતા હતા કે ''પ્રત્યેકે જીવનમાં સત્ય અને શ્રદ્ધા મુજબ વ્યવહાર કરવો જોઈએ.''

**મોરારજી કહેતા કે દેશનો સર્વોચ્ચ વ્યક્તિ ભૂલ કરે તો નબળો વ્યક્તિ અંગૂલી નિર્દેશ કરી શકે છે**

**હિન્દી મિડિયમ-- રાજનેતાઓને કોઇ હિન્દી શિખવે...**

ગુજરાતના રાજકારણની એક બલિહારી એવી છે કે રાજનેતાઓને હિન્દી સ્પીકીગના કોર્સ કરવા પડે તેમ છે, કારણ કે ટીવીની ન્યૂઝ ચેનલોમાં તેઓ જ્યારે હિન્દી બોલે છે ત્યારે દર્શકો હસતા હોય છે. કોંગ્રેસની જેમ ભાજપના નેતાઓનું પણ હિન્દી બહુ કાચું છે. બોલચાલની હિન્દી પણ તેઓ બોલી શકતા નથી. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સ્વચ્છ હિન્દી બોલી શકે છે, કારણ કે સંગઠનમાં તેમણે અનેક હિન્દી વિસ્તારોમાં કામ કર્યુ છે. અમિત શાહ પણ હિન્દી બોલી શકે છે. તત્કાલિન મુખ્યમંત્રી આનંદીબેન પટેલનું હિન્દી પણ સારૂં હતું. જો કે કેશુભાઇ પટેલ હિન્દી સરળતાથી બોલી શકતા ન હતા. અત્યારની સરકારમાં જોઇએ તો મુખ્યમંત્રી વિજય રૂપાણી હિન્દી બોલી શકે છે. તેમનું હિન્દી સારૂ છે પરંતુ નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલનું હિન્દી મહાવરો માગી લે તેવું છે. હિન્દીમાં જ્યારે તેઓ બ્રિફીંગ કરતા હોય છે ત્યારે કેટલાક શબ્દો ગુજરાતી આવી જાય છે. એવી જ રીતે ગૃહ રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજાનું પણ હિન્દી પુઅર છે. તેમના હિન્દી વક્તવ્યમાં ગુજરાતી છાંટ આવે છે. ટીવી ચેનલોને વધારે મહત્વ આપતી આપણી ભાજપની સરકારના કેબિનેટ મંત્રીઓને હિન્દી બોલવાના ક્લાસ કરાવવા જોઈએ તેવી કોમેન્ટ એક ટીવી એન્કરે કહી હતી. ગુજરાતમાં વધુ બોલાતી ભાષા ભલે ગુજરાતી હોય, અહીં હવે હિન્દી અને અંગ્રેજી ભાષા પણ વધુ પ્રમાણમાં બોલાય છે. કોકટેલ કરવામાં માહિર ગુજરાતીઓ ભાષામાં પણ કોકટેલ કરે છે. યુવા ગુજરાતીઓ હવે તો એક જ વાક્યમાં ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી એમ ત્રણેય ભાષાઓનું મિશ્રણ કરે છે. પૂર્વ મંત્રી રમણ વોરા હોય કે હરેન પંડ્યા-- આપણા રાજનેતાઓ હિન્દી બોલવામાં કાચા છે, કારણ કે તેમને હિન્દી બોલવાની પ્રેક્ટિસ પડી નથી. સવાલ એ થાય છે કે અન્ય રાજ્યોમાં ચૂંટણી પ્રચાર માટે જતાં આપણા ગુજરાતી નેતાઓ હિન્દીમાં કેવી રીતે પ્રચાર કરતા હશે તે સવાલ છે. ટીવીના એક રિપોર્ટરે કહ્યું હતું કે-- ગુજરાતના મંત્રીઓને ક્યારેય હિન્દીમાં સ્પીચ આપવા કહેવું નહીં અને કહેવામાં આવે તો તેમના શબ્દોનું ડબીંગ કરી લેવું જોઈએ.

**ભાજપની ૧૦ બેઠકો નક્કી, ૧૩માં તીવ્ર સ્પર્ધા...**

ગુજરાતમાં લોકસભાની ૨૬ બેઠકોની ચૂંટણી આ વખતે ભાજપ માટે આસાન નથી. રાજ્યની ૨૬ પૈકી ૧૩ બેઠકોમાં કોંગ્રેસ ભાજપને ટક્કર આપી શકે છે. આ ચૂંટણી ભાજપ માટે જેટલી મહત્વની છે તેટલી જ કોંગ્રેસ માટે મહત્વની છે તેથી ભાજપની સાથે કોંગ્રેસે પણ સીધી સ્પર્ધા શરૂ કરી છે. ગુજરાત વિધાનસભાની બેઠકો પ્રમાણે જોઇએ તો કોંગ્રેસના ધારાસભ્યો ઓછામાં ઓછી ૧૩ બેઠકો પર પ્રભુત્વ ધરાવે છે. ૨૦૧૪માં નરેન્દ્ર મોદી વડાપ્રધાન પદના ઉમેદવાર થયા હોવાથી ગુજરાતે ૨૬ બેઠકો ભાજપને આપી હતી પરંતુ હવે સ્થિતિ બદલાયેલી છે. રાષ્ટ્રીય રાજકારણમાં કોંગ્રેસ ફરીથી ઉભરી કરી હોવાનું વાતાવરણ બન્યું છે. ગુજરાતમાં ભાજપ માટે બેઠકો જીતવા અઘરી છે તેવા વિસ્તારોમાં મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્ર આવે છે. એ ઉપરાંત ઉત્તર ગુજરાતની બેઠકોમાં પણ ભાજપને મુશ્કેલી પડી શકે છે. અમદાવાદ, વડોદરા અને સુરતની બેઠકોમાં ભાજપ સામે કોંગ્રેસનો કોઈ મજબૂત ઉમેદવાર ન હોય તે સ્વાભાવિક છે પરંતુ બાકીની બેઠકોમાં કોંગ્રેસ પાસે ચૂંટણી જીતી શકે તેવા ઉમેદવારો છે. વિધાનસભામાં બેઠકોની સંખ્યા પણ ૭૭ પ્લસ ૪ એટલે કે ૮૧ થવા જાય છે. વિધાનસભાની ચૂંટણીએ કોંગ્રેસના મૃત આત્મામાં પ્રાણ પૂરવાનું કામ કર્યુ છે. નરેન્દ્ર મોદી અને અમિત શાહની ઝંઝાવાતી સભાઓ છતાં ભાજપ ગુજરાતને કોંગ્રેસે મુક્ત કરી શકી નથી. ૨૦૧૭ની ચૂંટણીમાં રાજ્યના સાત જિલ્લાની ૨૧ બેઠકોમાંથી ભાજપને એકપણ બેઠક મળી નથી. આઠ જિલ્લાની ૨૬ બેઠકો પૈકી ભાજપને માત્ર આઠ બેઠકો મળી છે. આ ૧૫ જિલ્લામાં લોકસભાની ૧૩ બેઠકો આવે છે એટલે કે તે અડધી છે અને ત્યાં કોંગ્રેસના ધારાસભ્યોનું વર્ચસ્વ છે. ગુજરાતમાં અત્યારે યુવા પાટીદારો, ઓબીસી અને એસટીએસટી મતદારો ભાજપથી વિમુખ થયેલા છે. ભાજપ માટે ગુજરાતમાં ૧૦ બેઠકો એવી છે કે જ્યાં કોંગ્રેસના મજબૂત ઉમેદવારો નથી. તે બેઠકો તો સિક્યોર છે પરંતુ બાકીની બેઠકોમાં બન્ને પાર્ટી વચ્ચે ચૂંટણીનું દંગલ સર્જાઇ શકે છે.

**વડાપ્રધાન મોદી પાછા ડિસેમ્બરમાં આવી રહ્યાં છે...**

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૩૧મી ઓક્ટોબરે સ્ટેચ્યુ ઓફ યુનિટીનું લોકાર્પણ કર્યુ છે પરંતુ તેઓ ફરી એકવાર ગુજરાતની મુલાકાતે આવશે અને તેમાં તેઓ સ્ટેચ્યુ ઓફ યુનિટી સ્થળે જશે. આ સ્થળે તેઓ દેશના ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે મંત્રણા કરવાના છે. મુખ્યમંત્રી કાર્યાલય દ્વારા પ્રાપ્ત થયેલી માહિતી પ્રમાણે આ વર્ષની જિલ્લા પોલીસ વડાઓની કોન્ફરન્સ સ્ટેચ્યુ ઓફ યુનિટીના સ્થળે થશે. આ અગાઉ એક વખત પોલીસ વડાઓની કોન્ફરન્સ કચ્છના ઘોરડોના રણમાં થઈ હતી. ગુજરાત બીજી વખત તેનું યજમાન બની રહ્યું છે. નરેન્દ્ર મોદી ૨૦મી ડિસેમ્બરે સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લેશે અને કોન્ફરન્સ માટે બે દિવસ ત્યાં રોકાશે. આ વર્ષે ઓલ ઈન્ડિયા જીડીપી કોન્ફરંસનું આયોજન વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટીના સ્થળે એટલે કે કેવડિયામાં કરવામાં આવ્યું છે. ૨૦૧૪ના મે મહિનામાં નરેન્દ્ર મોદીના પ્રધાનમંત્રી બન્યા બાદ બીજી વખત ડીજીપી કોન્ફરન્સ ગુજરાતમાં યોજાશે. ડિસેમ્બર ૨૦૧૫માં કચ્છના ધોરડોમાં આ કોન્ફરન્સ યોજાઈ હતી. દેશના તમામ રાજયોના ડીજીપી સુરક્ષા અને ઈન્ટેલિજન્સ એજન્સીના વડા અને તેમના ડેપ્યુટી કોન્ફરંસમાં ભાગ લેશે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ ૧૫મી ડિસેમ્બરે સ્ટેચ્યૂ ઓફ યુનિટીની મુલાકાત લે તેવી શકયતા છે. રાષ્ટ્રપતિ ૨૨મી ડિસેમ્બરે ધોરડોમાં કચ્છના નાના રણની મુલાકાત પણ લેવાના છે.

**ગુજરાતનું એક અર્ધસત્ય ૧.૫૦ કરોડ મતદારો છે...**

લોકસભાની ૨૦૧૯માં યોજાનારી ચૂંટણીમાં ગુજરાતના એવા મતદારો હિસ્સો લઇ રહ્યાં છે કે જેમણે ગુજરાતમાં કોંગ્રેસનું શાસન જોયું નથી. દોઢ કરોડ જેટલા મતદારોએ ગુજરાતમાં નરેન્દ્ર મોદીનું શાસન જોયું છે તેથી તેમને એ ખબર નથી કે કોંગ્રેસની સરકાર સમયે શું થતું હતું. કોંગ્રેસ માટે સૌથી મોટી નબળાઇ એ છે, કે જેઓ તેમના શાસનની પોઝિટીવ બાબતોને લોકો સુધી પહોંચાડી શક્યા નથી. રાજનીતિમાં પાર્ટીઓના ભૂતકાળને ભૂલીને નેતાઓ ચૂંટણી પ્રચાર કરે તો ભારત દેશમાં સ્પષ્ટ નેતાઓ અને લોકોના કામ કરી શકે તેવા લિડર્સ મળી શકે છે. ગુજરાતમાં ૧૯૯૦ અને તે પહેલાં કોંગ્રેસના શાસનનો દબદબો હતો, ત્યારબાદ પછી ૧૯૯૫માં ભાજપનું શાસન આવ્યું હતું, ત્યાર થી બે વર્ષને બાદ કરીએ તો ભાજપે જ શાસન કર્યુ છે એટલે કે છેલ્લા ૨૬ વર્ષથી ભાજપ શાસનમાં છે. ગુજરાત ઉપર કોંગ્રેસે ૩૫ વર્ષ

**દેશના ડીજીપીની કોન્ફરન્સનું સ્થળ ૨૦૧૫માં ઘોરડોનું રણ હતું પરંતુ હવે સ્ટેચ્યુ ઓફ યુનિટી છે**

સુધી શાસન કર્યું છે. આજની નર્મદા યોજનાનો પાયો કોંગ્રેસની સરકારમાં નંખાયો હતો. રિલાયન્સની રિફાઇનરી કોંગ્રેસના શાસનમાં થઇ હતી. કોંગ્રેસના શાસનમાં ગુજરાતનું નવું સચિવાલય અને વિધાનસભા ભવન બન્યું હતું. કોંગ્રેસના શાસનમાં માર્ગો અને પોર્ટ તેમજ શહેરોનો વિકાસ થયેલો છે. હવે મતદારોની નવી પેઢી આવી ગઇ છે અને તેમાંના દોઢ કરોડ મતદારોએ કોંગ્રેસનું શાસન જોયું પણ નથી. ભારતના ચૂંટણી પંચના આંકડા પ્રમાણે ગુજરાતના ૪.૭૦ કરોડ મતદારો પૈકી એક કરોડ ૪૦ લાખ મતદારોનો જન્મ કોંગ્રેસની સરકાર ગયા પછી થયેલો છે. તેમણે તો ભાજપની સરકારો જ જોઇ છે. કોંગ્રેસને હંમેશા વિરોધપક્ષની છાવણીમાં જોયો છે. ગુજરાતમાં જ્યારે તોફાનો થતાં હતા, રાજ્યમાં જ્યારે જ્યારે પણ કરફ્યુ લગાવાયો છે ત્યારે આ મતદારો તેના સાક્ષી ન હતા. આ સમયે કોંગ્રેસના નેતાઓ નરેન્દ્ર મોદી અને ભાજપ સરકારની ટીકાઓ કરવાના બદલે કોંગ્રેસ પાંચ વર્ષમાં શું કરવા માગે છે તેનો રોડમેપ આપવો જોઇએ. લોકકલ્યાણની કઇ કઇ સ્કીમો કોંગ્રેસ ગુજરાતમાં લાવવા માગે છે તેની તંદુરસ્ત ચર્ચા થવી જોઇએ. એક બીજા પર કાદવ ઉછાળતા નિવેદનો કરવાથી હલકી રાજનિતી ઉત્પન્ન થાય છે. હલકી રાજનિતીનો કિચડ આપણે આપણી ભાવિ પેઢી ઉપર લાદવો ન જોઇએ. ગુજરાતની આ બન્ને પાર્ટીઓના નેતાઓ આટલું સમજે તો તે ભારત દેશમાં એક દાખલારૂપ કેસ ગણાશે.